આજવા રોડ લીલા બા નગરમાં જુના ઝગડાનો વિવાદ

યુવકોને કારથી કચડી નાંખવાનો પ્રયાસ

સમાધાન બાદ પણ ધમકીઓનો દોર યથાવત,કાર ચાલકે યુવકો પર વારંવાર કાર ચડાવવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17 વડોદરાના આજવા રોડ સ્થિત લીલા બા નગરમાં જુના વિવાદે ફરી માથું ઉંચક્યું છે. સ્થાનિક રહીશોના આક્ષેપ મુજબ અગાઉ અહીં કેટલાક યુવકો વચ્ચે માથાકૂટ થઈ હતી. તે બબાલ દરમિયાન સમાજ વિશે અપશબ્દો ઉચ્ચારાતા કંકાસ વધ્યો હતો અને મામલો બાપોદ પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. બંને પક્ષની સામ-સામે ફરિયાદ નોંધાયા બાદ મામલો સમાધાનથી પતાવવામાં આવ્યો હતો. જોકે સમાધાન બાદ પણ એક સ્કોર્પિયો કારનો ચાલક વારંવાર યુવકોને ધમકીઓ આપવા માટે આવતો હોવાનો આક્ષેપ છે.

ગત રાત્રે કાર ચાલક અચાનક સ્થળ પર આવી ચડ્યો હતો અને યુવકો જ્યાં બેઠા હતા ત્યાં તેમની ઉપર સ્કોર્પિયો કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો.

ગભરાઈ ગયેલા યુવકો જીવ બચાવવા કાર પાછળ દોડ્યા હતા. ત્યારે આરોપી ચાલકે કાર પાછી આગળ લઈ જઈ ફરી પૂરઝડપે યુવકો પર કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી બચાવમાં યુવકોએ કાર પર પથ્થરમારો કર્યો હતો. ઘટના બાદ યુવકો ફરિયાદ કરવા માટે બાપોદ પોલીસ મથકે પહોંચ્યા હતા. પરંતુ સ્થાનિકોના આક્ષેપ મુજબ પોલીસે ફરિયાદ લેવાને બદલે તેમને જ અંદર બેસાડી દીધા હતા. હાલ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આમોદર ગામે યુવકને સાપ કરડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭ વાઘોડિયા તાલુકાના આમોદર ગામમાં રહેતા ૩૨ વર્ષીય કમલેશભાઈ પારુભાઈ ભીલાડને સાપ કરડતા પરિવારજનોમાં દોડધામ મચી જવા પામી હતી. બનાવની વિગતો અનુસાર, કમલેશભાઈ પોતાના ઘરે હતા તે દરમિયાન અચાનક ડાબા પગે ઝેરી સાપ કરડી જતાં તેમને તાત્કાલિક અસરથી હોસ્પિટલ ખસેડવાની જરૂરિયાત ઊભી થઈ હતી. પરિવારજનો દ્વારા સમયસૂચકતા વાપરીને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ના ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન અને પાયલોટ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને બાદમાં તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ કમલેશભાઈની સારવાર સઘન રીતે ચાલી રહી છે. અને તબિયત સ્થિર છે.

સરકારી તંત્રની નકશાકીય ભૂલનો ભોગ બનતો જગતનો તાત

તરસાલીમાં TP સ્કીમના છબરડાથી ખેડૂતોને અબજોનું નુકસાન પહોંચ્યું

વડોદરાઃ વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ અને વડોદરા મહાનગરપાલિકાના એક ગંભીર છબરડાને કારણે તરસાલી વિસ્તારના અંદાજે ૭૫ જેટલા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તરસાલી ટી.પી. સ્કીમ નંબર ૫૨ અંતર્ગત સરકારી તંત્રની નકશાકીય ભૂલના કારણે ખેડૂતોની આશરે રૂ. ૧૫૦ કરોડની કિંમત ધરાવતી ૪ લાખ ચોરસ ફૂટ જેટલી કિંમતી જમીન સંપૂર્ણપણે બિનઉપયોગી બની ગઈ છે અથવા તો ફના-ફાતિયા થઈ ગઈ છે. આ વહીવટી લાપરવાહી સામે સ્થાનિક જમીન માલિકો અને ખેડૂતોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે અને તેમણે ઉગ્ર આંદોલનની સાથે રસ્તા પર અવરજવર બંધ કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

સમગ્ર મામલાની વિગત એવી છે કે, વડોદરા શહેરના પૂર્વ વિસ્તારના વિકાસને વેગ આપવા માટે વુડા દ્વારા જમીન સંપાદન કરીને ૬૫ મીટરનો હાઈવે બાયપાસ બનાવવામાં આવ્યો હતો. જો કે, સરકારી રેકોર્ડ અને ટી.પી. સ્કીમના નકશા ઉપર આ રસ્તાને ૬૫ મીટરને બદલે ભૂલથી ૭૫ મીટરનો દર્શાવી દેવામાં આવ્યો હતો. આ નકશાકીય ક્ષતિને આધાર માનીને બાયપાસ રોડની બંને બાજુએ ૧૨-૧૨ મીટરના બે સર્વિસ રસ્તાઓ મંજૂર કરી દેવામાં આવ્યા હતા. હાઈવેની વાસ્તવિક અને નકશા પર દર્શાવેલી પહોળાઈ વચ્ચેના ૧૦ મીટરના તફાવતથી જમીનનો એક મોટો પટ્ટો વચગાળામાં ફસાઈ ગયો છે. ટેકનિકલ ખામીના લીધે મૂળ ખેડૂતોની કિંમતી જમીન કાગળ પર અને વાસ્તવિકતામાં કપાઈ ગઈ છે, જેના કારણે ૭૫થી વધુ જમીન માલિકો પોતાની જ માલિકીની ૪ લાખ ચોરસ ફૂટ જમીનનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરી શકવાની સ્થિતિમાં રહ્યા નથી. આ આયોજન અંગે તંત્ર દ્વારા સ્થાનિક હિતધારકો સાથે એક જાહેર પબ્લિક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટી.પી. સ્કીમ નંબર ૫૨નો નકશો પ્રદર્શિત કરાતા જ આ આખો છબરડો સપાટી પર આવ્યો હતો. ત્યારબાદ જમીન માલિકો દ્વારા કોર્પોરેશન સમક્ષ ૪૦થી વધુ લેખિત વાંધા સૂચનો રજૂ કરીને ન્યાયની માંગ કરવામાં આવી છે. રોષે ભરાયેલા ખેડૂતોનું કહેવું છે કે સરકારી અધિકારીઓની બેદરકારીનો ભોગ સામાન્ય જગતના તાતને બનવું પડ્યું છે. જો વહેલી તકે નકશાની આ ગંભીર ભૂલ સુધારીને ખેડૂતોને તેમની જમીનનો યોગ્ય હક પાછો આપવામાં નહીં આવે, તો આગામી સમયમાં આ ૧૨ મીટરના સૂચિત રસ્તા પરથી થતી તમામ પ્રકારની વાહનોની અવરજવર અને કામગીરી સજ્જડ બંધ કરાવી દેવામાં આવશે.

બીમારીના ખાટલા ખડકાતા લોકોમાં આક્રોશ

દાંડિયા બજારમાં ગટરના બેક મારેલા પાણી ઘરો સુધી પહોંચ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17 વડોદરા શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાતો વચ્ચે સ્થાનિક સ્તરે પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. શહેરના વોર્ડ નંબર ૧૪ માં આવેલા દાંડિયા બજાર વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી ડ્રેનેજ એટલે કે ગટરની ગંભીર સમસ્યાને કારણે સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. કોર્પોરેશનના અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ક્રિયતા સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારની ડ્રેનેજ લાઈન વર્ષો જૂની હોવાથી સંપૂર્ણપણે બેસી ગઈ છે, જેને કારણે ગટરના ગંદા પાણી આગળ વધવાને બદલે પાછા મારે છે. આ દૂષિત પાણી રસ્તાઓ પર અને લોકોના ઘર સુધી પહોંચી જતાં સમગ્ર વિસ્તારમાં અસહ્ય ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ગંદકીના સામ્રાજ્યને કારણે નાના બાળકો સહિત અનેક લોકો બીમારીનો ભોગ બની રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા માત્ર જેટીંગ મશીન મોકલીને કામચલાઉ સફાઈ કરી દેવાય છે, પરંતુ કાયમી નિવારણ લાવવામાં આવતું નથી.

આક્રોશ વ્યક્ત કરતા સ્થાનિકોએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં ઢોલ-નગારા સાથે આ લાઈન નવી બનાવવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તે સમયે પાઈપો પણ લાવવામાં આવી હતી, પરંતુ કોઈ અગમ્ય કારણોસર કામ શરૂ કર્યા વિના જ પાઈપો પરત લઈ જવામાં આવી હતી. રહીશોનો આક્ષેપ છે કે નેતાઓ માત્ર ચૂંટણી ટાણે જ વોટ માંગવા આવે છે અને જીત્યા પછી મોઢું પણ બતાવતા નથી. વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કોર્પોરેટર કે વોર્ડ ઓફિસર વિસ્તારની મુલાકાત લેવા તૈયાર નથી. હાલના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ ભલે એક્શન મોડમાં હોય, પરંતુ તેમના હાથ નીચેના અધિકારીઓને શહેરની કોઈ ચિંતા ન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સ્થાનિક લોકોએ તંત્ર સમક્ષ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે નવી લાઈન નાખીને આ નરક જેવી સ્થિતિમાંથી મુક્તિ આપવામાં નહીં આવે તો તેઓ આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરશે.

પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત છતાં ઉઠાવગીરો સફળ

રથયાત્રામાં બે મહિલાની ચેઈન-મંગળસૂત્ર તૂટ્યાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.17 વડોદરા શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા દરમિયાન કાલાઘોડા સર્કલ પાસે ભારે ભીડનો લાભ ઉઠાવી તસ્કરોએ બે મહિલાઓના ગળામાંથી સોનાની ચેન અને મંગળસૂત્ર આંચકી ફરાર થઈ ગયા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત હોવા છતા રૂ.2.20 લાખના દાગીનાની ચોરી થઈ હતી. સયાજીગંજ પોલીસે અલગ-અલગ ગુના નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે. ન્યૂ સમા રોડ સ્થિત ભગવતનગર સોસાયટીમાં રહેતા જાનકીબેન પરાગભાઈ પરમારે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 16 જુલાઈના રોજ સાંજે લગભગ 4 વાગ્યે તેઓ કાલાઘોડા સર્કલ પાસે ભગવાન જગન્નાથની રથયાત્રામાં પ્રસાદ લેવા માટે ભીડમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન આશરે 40થી 45 વર્ષનો અજાણ્યો શખ્સ તેમના ગળામાંથી અંદાજે એક તોલા વજનની રૂ.1.10 લાખ કિંમતની સોનાની ચેન આંચકી ભીડનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. બીજા બનાવમાં સમતા-સુભાનપુરા વિસ્તારમાં રહેતા જ્યોતિબેન સુરજ મોરેએ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ પણ રથયાત્રા દરમિયાન રથની આગળ દોરડું ખેંચવા જઈ રહ્યા હતા ત્યારે પિસ્તા રંગનું આખી બાંયનું શર્ટ પહેરેલો અને આશરે 40થી 45 વર્ષની ઉંમરનો મજબૂત બાંધાનો શખ્સ તેમના ગળામાંથી અંદાજે એક તોલા વજનનું રૂ.1.10 લાખ કિંમતનું સોનાનું મંગળસૂત્ર આંચકી ફરાર થઈ ગયો હતો. બંને બનાવો અંગે સયાજીગંજ પોલીસે અલગ-અલગ ગુના નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે રથયાત્રા દરમિયાન લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તેમજ અન્ય ટેકનિકલ પુરાવાના આધારે આરોપીની ઓળખ કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ઘરના મોભીના અકાળે થયેલા મોતને પગલે પરિવારના માથે આભ ફાટ્યું

નોકરી પરથી ઘરે પરત નહિ ફરેલા યુવકનો મૃતદેહ અમિતનગર સર્કલ નજીકથી મળ્યો



મૃતક યુવાનનું એક્ટિવા અને તપાસ અધિકારી નજરે પડે છે.

(પ્રતિનિધિ), વડોદરા વડોદરા શહેરના અમિતનગર સર્કલ આગળ આવેલા પેટ્રોલિંગ સ્ટેશન નજીક હરણી પોલીસ સ્ટેશનની હદમાં એક યુવકની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ હરણી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

આ ઘટનાની સૂત્રો દ્વારા મળેલી પ્રાથમિક માહિતી મુજબ કારેલીબાગ આનંદ નગરમાં રહેતો યુવક સવારે ઘરેથી નોકરી પર જવા માટે નીકળ્યો હતો. પરંતુ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા તેના પરિવારજનો ચિંતિત બન્યા હતા. પરિવારે તેની શોધખોળ માટે મિત્રો અને સગાઓને ત્યાં પણ તપાસ કરી હતી, પરંતુ તેનો કોઈ પતો લાગ્યો ન હતો. આખરે અમિતનગર સર્કલ નજીક પેટ્રોલ પંપ પાસે તેની લાશ મળી આવતા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. હાલ આ મૃત્યુને લઈને અનેક ચર્ચાઓ ચાલી રહી છે.

હરણી પોલીસે મૃતદેહનો કબજો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે અકસ્માત, આત્મહત્યા કે અન્ય કોઈ કારણ સહિત તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ આદરી છે. મૃતકના પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને વધુ તપાસ બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે. ઘરના મોભીના અકાળે થયેલા મોતને પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

યુવતિ હાલ સારવાર હેઠળ સયાજી હોસ્પિટલમાં દાખલ

સમાની યુવતીએ ઈયળ મારવાની દવા ગટગટાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭ શહેરના સમા વિસ્તારમાં આવેલા પૂનમ નગરમાં રહેતી ૨૮ વર્ષીય યુવતીએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાતનો પ્રયાસ કરનાર યુવતીએ ઈયળ મારવાની દવા પી લીધી હતી, જેની જાણ થતાં જ પરિવારમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની વિગતો અનુસાર, વડોદરા શહેરના સમા વિસ્તારમાં રહેતી એક પરિવારની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ઈયળ મારવાની દવા પી લઈને આત્મઘાતી પગલું ભર્યું હતું. યુવતીની તબિયત લથડતા પરિવારજનો તાત્કાલિક હરકતમાં આવી ગયા અને અને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

૧૦૮ની ટીમ દ્વારા સમયસૂચકતા વાપરીને યુવતીને તાત્કાલિક શહેરની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ અંગે સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવતીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. સદનસીબે, હાલ યુવતી ભાનમાં છે અને તેની તબિયતમાં સુધારો જણાઈ રહ્યો છે.

જોકે, તેણે આટલું આકરૂં પગલું શા માટે ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. આ મામલે સ્થાનિક પોલીસને પણ જાણ કરવામાં આવી છે કે નહીં અને પોલીસ દ્વારા આ અંગે કોઈ તપાસ હાથ ધરવામાં આવી છે કે કેમ, તે અંગેની વિગતો હજુ સપાટી પર આવી નથી. આ ઘટનાથી વિસ્તારમાં અને યુવતીના પરિવારમાં શોક અને ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

PPE, સેફ્ટી શુઝ, જુનિયર ઇજનેર પ્રમોશન સહિત અનેક માંગણીઓ રજૂ કરાઈ

GUVNL મેનેજમેન્ટ અને ટેકનીકલ કર્મચારી મંડળની બેઠક, કર્મચારીઓની સલામતી અને પ્રમોશન મુદ્દે ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17 જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટર શાલીની અગ્રવાલ, એડમીન અને મુખ્ય ઇજનેર સાથે ગુજરાત વિદ્યુત ટેકનીકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ રાજુ ખત્રી અને હોદ્દેદારોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ટેકનીકલ કર્મચારીઓના હિત, સલામતી અને સેવા સંબંધિત અનેક મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. ગુજરાત વિદ્યુત ટેકનીકલ કર્મચારી મંડળ દ્વારા કર્મચારીઓને ગુણવત્તાયુક્ત પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ અને સેફ્ટી શુઝ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાની માંગણી કરવામાં આવી હતી. જ્યાં શુઝનું વિતરણ શક્ય ન હોય ત્યાં તેના બદલે રોકડ ભથ્થું ચૂકવવાની પણ રજૂઆત કરાઈ હતી. અકસ્માતમુક્ત કાર્યસંસ્કૃતિ માટે દરેક નાયબ ઇજનેરે નિયમિત ફીલ્ડ વિઝિટ કરી નેટવર્કનું નિરીક્ષણ કરવા, જોખમી સ્થળોએ તાત્કાલિક સુધારા કરવા અને મેઇન્ટેનન્સ દરમિયાન જુનિયર ઇજનેરની ફરજિયાત હાજરી સુનિશ્ચિત કરવાની માંગ કરવામાં આવી. સાથે કર્મચારીઓ માટે જોખમરૂપ લાઇન ક્રોસિંગ તાત્કાલિક દૂર કરવાની પણ રજૂઆત થઈ હતી. મંડળે પરિપત્ર નં. 638 મુજબ 20+5 ટકા મર્જ કરી જુનિયર ઇજનેરોના લાંબા સમયથી બાકી પ્રમોશન વહેલા પૂર્ણ કરવાની અને ટેકનીકલ કર્મચારીઓને વોટ્સએપ જેવા સોશિયલ મીડિયાથી નહીં પરંતુ અધિકૃત પ્રક્રિયાથી જ કામ સોંપવાની માંગ પણ કરી હતી. બેઠકમાં મંડળે જુનિયર આસિસ્ટન્ટની ખાતાકીય ભરતીમાં અનામત 10% થી વધારી 20% કરવા બદલ જીયુવીએનએલ મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. એમડી શાલીની અગ્રવાલે તમામ રજૂઆતોને ગંભીરતાથી સાંભળી કર્મચારીઓની સલામતી અને કલ્યાણને પ્રાથમિકતા આપી યોગ્ય અને સમયબદ્ધ કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. બેઠકમાં મંડળ તરફથી રાજુભાઈ ખત્રી, પૃથ્વીરાજસિંહ ગોહિલ, શાંતિલાલ વાળંદ, રમેશભાઈ બારૈયા, બિપીનભાઈ જોષી, ફિરોઝભાઈ ફકીર, બ્રીજરાજસિંહ ગોહિલ અને સંજયભાઈ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે, સેફ્ટી પાછળ વીજ વિતરણ કંપનીઓ દ્વારા મોટો ખર્ચો કરવામાં આવે છે. જરૂરી બેઠકો પણ કરવામાં આવે છે. તેમ છતાં વીજ અકસ્માતોના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આનું કારણ નાયબ ઈજનેરો અને જુનિયર ઈજનેરો ઓફિસમાં બેસી રહે છે, ફિલ્ડમાં જતા નથી. મેન્ટેનન્સ હોય કે અન્ય કામગીરી હોય તેઓ દ્વારા મોનિટરીંગ કરવામાં આવતું નથી. જેના કારણે અકસ્માતો વધી રહ્યા છે.

વીજ અકસ્માતમાં છેલ્લા 17 વર્ષમાં 5426 માનવ મોત

ગુજરાતની ચાર વીજ વિતરણ કંપનીઓ પીજીવીસીએલ, એમજીવીસીએલ, ડિજીવીસીએલ અને યુજીવીસીએલમાં વર્ષ 2008-09 થી 2025-26 ડિસે.-25 સુધીના સમયગાળામાં વીજ અકસ્માતના ગંભીર આંકડા સામે આવ્યા છે. આ સમયગાળા દરમિયાન કુલ 5426 લોકોના મોત થયા છે. જેમાં 1522 ફેટલ અને 1224 નોન-ફેટલ માનવ અકસ્માતનો સમાવેશ થાય છે. સાથે આ 17 વર્ષમાં 2680 પશુઓ પણ વીજ અકસ્માતનો ભોગ બન્યા છે. વર્ષ 2010-11માં સૌથી વધુ 471 ફેટલ અને 408 નોન-ફેટલ કેસ સાથે કુલ 1664 અકસ્માત નોંધાયા હતા. જ્યારે 2023-24માં 288 ફેટલ અને 230 નોન-ફેટલ કેસ નોંધાયા હતા.

સતત માનસિક ત્રાસથી મહિલા ભાંગી પડી

પતિના અતિશય ત્રાસથી કંટાળેલી પરિણીતાનો આત્મહત્યાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17 વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં પતિના સતત માનસિક ત્રાસ, ઘરખર્ચ માટે પૈસા ન આપવાની હરકત અને અન્ય સ્ત્રી સાથેના સંબંધોના વિવાદથી કંટાળેલી એક પરિણીતાએ આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, 181 અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમે સમયસર પહોંચી મહિલાનું કાઉન્સેલિંગ કરી તેનો જીવ બચાવ્યો અને આગળની કાનૂની કાર્યવાહી માટે નજીકના પોલીસ સ્ટેશનમાં રીફર કરી હતી. બાપોદની પીડિતાએ 181 અભયમ હેલ્પલાઇનનો સંપર્ક કરી જણાવ્યું હતું કે તે હવે જીવવા માંગતી નથી અને આત્મહત્યા કરવા ઇચ્છે છે. માહિતી મળતાં જ 181 ટીમ તેના ઘરે પહોંચી હતી. કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ જણાવ્યું કે તેના લગ્નને 18 વર્ષ થયા છે અને તેને બે સંતાનો છે. છેલ્લા દસ વર્ષથી તેના પતિ HIV/AIDSથી પીડિત છે. મહિલાના જણાવ્યા મુજબ, તેના પતિના અન્ય એક સ્ત્રી સાથે સંબંધ હોવાના પુરાવા તેણે સોશિયલ મીડિયા મારફતે એકત્ર કરી પતિને બતાવ્યા હતા, પરંતુ પતિએ આ બાબત સ્વીકારી નહોતી. આ મુદ્દે ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા. મહિલાએ વધુમાં જણાવ્યું કે પતિએ ઘરખર્ચ માટે પૈસા આપવાનું પણ બંધ કરી દીધું હતું, જેના કારણે ઘર ચલાવવામાં મુશ્કેલીઓ પડી રહી હતી. પતિ તેની પર ખોટા આક્ષેપો કરી અન્ય પુરુષ સાથે સંબંધ હોવાનો આરોપ મૂકી સતત માનસિક ત્રાસ આપતો હતો. સતત અપમાન અને તણાવથી કંટાળીને તેણે આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો હતો. 181 અભયમની ટીમે પતિ-પત્ની બંનેનું કાઉન્સેલિંગ કરી બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને એકબીજા પર ખોટા આક્ષેપો ન કરવા - શાંતિપૂર્ણ રીતે જીવન જીવવા સમજાવ્યું હતું. મહિલાએ પતિ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં 181 ટીમે તેને જરૂરી કાર્યવાહી માટે નજીકના પોલીસ સ્ટેશનમાં રીફર કરી હતી.

વાઈલ્ડ લાઇફ રેસ્ક્યુ ટ્રસ્ટે સહી-સલામત રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપ્યું

મકરપુરા GIDCની કંપનીમા બેબી ઈન્ડિયન રોક પાયથન દેખાતા કર્મચારીઓમાં ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા,તા.17 વડોદરા મકરપુરા જીઆઈડીસીમાં આવેલી યુનિસોર્સ એન્જિનિયર્સ કંપનીમાંથી વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટને કંપનીમાં કામ કરતા અર્શદ મીર નામના કર્મચારીએ જાણ કરી હતી કે કંપની પરિસરમાં એક સાપ નીકળ્યો છે અને તે ઉપર પતરાના શેડમાં જઈને સંતાઈ ગયો છે. કોલ મળતા જ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારે તાત્કાલિક ટ્રસ્ટના અનુભવી કાર્યકર્તા અરુણ સૂર્યવંશીને ઘટના સ્થળે મોકલી આપ્યા હતા. સ્થળ પર પહોંચી તપાસ કરતા જાણવા મળ્યું કે તે ઈન્ડિયન રોક પાયથન એટલે કે અજગરનું આશરે દોઢ ફૂટનું બચ્ચું હતું. સાપ ઝેરી ન હોવા છતાં કંપનીમાં કામદારોમાં ગભરાટ ફેલાયો હતો. અરુણ સૂર્યવંશીએ પૂરતી સાવચેતી સાથે સાપને કોઈ નુકસાન પહોંચાડ્યા વિના સહી-સલામત રીતે રેસ્ક્યુ કર્યો હતો. ત્યારબાદ નિયમ અનુસાર તેને વડોદરા વન વિભાગને સોંપવામાં આવ્યો હતો,

જેથી તેને કુદરતી નિવાસસ્થાનમાં મુક્ત કરી શકાય. સમયસરની કાર્યવાહીના કારણે કોઈ જાનહાનિ કે નુકસાન થયું ન હતું. વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટની આ ઝડપી અને સંવેદનશીલ કામગીરીને કારણે કંપનીના કર્મચારીઓ અને આસપાસના લોકોએ ટ્રસ્ટની કામગીરીને બિરદાવી હતી.

રોકડ રકમ સહિત રૂ. 67 હજારનો મુદ્દામાલ જપ્ત

બાવામાનપુરામાંથી જુગારધામ ઝડપાયુ, નવ ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17 વડોદરા શહેરમાં બાવામાનપુરાના મદની મહોલ્લામાં આવેલા મકાનમા ચાલતા જુગાર ધામ પર પોલીસે દરોડો પાડયો હતો. જેમા જુગાર રમાડતા મુખ્ય સંચાલક સહિત 9 આરોપીઓને રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ સહિત રૂ. 67 હજારનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ શરૂ કરી છે. વડોદરા શહેર વિસ્તારમા પેટ્રોલિંગમાં ફરી રહેલી પોલીસને બાતમી મળી હતી કે બાવામાનપુરા પાણીગેટ શાક માર્કેટ પાછળ આવેલા મદની મહોલ્લામાં રહેતો જાફર હુસેન ઉર્ફે ચોટલો ગુલામકાદર મલેક પોતાના મકાનમાં લોકો ભેગા કરી જુગાર રમાડી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતાં જુગાર રમતા નવ ખેલીઓ જાફર હુસેન ઉર્ફે ચોટલો ગુલામકાદર મલેક, ઈરફાન મકબુલશા દિવાન, હનીફભાઈ ગનીભાઈ મન્સુરી, અહેમદમીયા બશીરમીયા મલેક, ઈરફાન એઝાઝહુસેન શેખ, મોહમદ રફીક ઈબ્રાહીમભાઈ શેખ, ઈમરાનખાન મહેતાબખાન પઠાન, ઈમરાન અલ્લારખા શેખ અને શબ્બીરઅહેમદ રજાઅહેમદ દિવાનનો રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ સહિત રૂ. 67 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કેનાલના ઢાળિયામાંથી મૃતદેહ મળી આવ્યો

સાવલી તાલુકાના કરચિયા ગામે બકરા ચરાવવા ગયેલા વૃદ્ધની હત્યા

(પ્રતિનિધિ) સાવલી,તા.17 મળતી માહિતી મુજબ રમણ ભાઈ રયજીભાઈ રાઠોડિયા ઉ 64 રાઠોડિયા વગો રહે કરચિયા તા સાવલી પોતે બકરા ચરાવીને જીવન ગુજારે છે નિત્યક્રમ મુજબ આજે બકરા લઈને ચરાવવા નીકળ્યા હતા અને સાંજના પાંચ વાગ્યા સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાજરી હતી જેમાં બકરા એકલા ઘરે આવ્યા હતા જ્યારે રમણભાઈ રાઠોડિયા ઘરે આવ્યા ન હતા શોધખોળ ના પગલે કરચિયા સાવલી રોડ પાસેથી પસાર થતી કેનાલ માંથી મૃતદેહ મળી આવ્યો હતો અને વૃદ્ધને માથાના પાછળના ભાગે બોથળ પધાર્થ વડે મારીને હત્યા કરી બે બકરા લઈને અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા નું જાણવા મળ્યું હતું આ અગાઉ પણ અજાણ્યા ઈસમો ચાર બકરા લઈ ગયા હોવાની માહિતી મળી રહી છે.

પ્રથમ નજરે કોઈ બકરા ગેંગ આ હત્યા માં સામેલ હોય તેવી ચર્ચા એ જોર પકડ્યું છે સાવલી પોલીસે ઘટના સ્થળે પહોંચી ને મૃતદેહનો કબજો લઈ પી એમ કરાવવા તજવીજ હાથ ધરી છે અને અજાણ્યા હત્યારાઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.સાવલી તાલુકા માં આજે સવારે ફાયરિંગ થી આત્મહત્યા નો પ્રયાસ અને સાંજે હત્યા નો બનાવ સામે આવતા સમગ્ર તાલુકામાં ચકચાર મચી જવા પામી છે